આજના યુવાનોમાં વિચાર શૂન્યતાનું જન્મસ્થળ મોબાઇલ અને ઇયરફોન છે
- એસ.ભટ્ટાચાર્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૮ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; નિજ ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજે રાજ્યના કર્મચારીઓની માસ સી.એલ.

## મંત્રણાઓ પડી ભાગતાં આંદોલન યથાવત : વહીવટી કામગીરી ઠપ્પ થઈ જશે

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકાર સાથે મંત્રણાઓ પડી ભાંગતા કર્મચારી સંગઠ્ઠનો દ્વારા આવતીકાલે આપવામાં આવેલ માસ.સી.એલ.નો કાર્યક્રમ યથાવત રાખતાં આવતીકાલે સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરી ઠપ્પ થઈ જશે.

કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે કર્મચારી મંડળો દ્વારા રાજ્ય સરકાર સમક્ષ અનેક વખત રજુઆતો કરવા છતાં પણ કોઈ જ ઉકેલ ન આવતા રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા રાજ્ય સરકાર સામે આંદોલનનું રણશીંગુ ફુંકવામાં આવ્યું છે અને તેના ભાગરૂપે આવતીકાલ ૨૭મી સપ્ટેમ્બરના રોજ માસ.સી.એલ.નો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો.

કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવા રાજ્ય સરકારે કર્મચારી મંડળો સાથે વાટાઘાટો કરવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. જો કે રાજ્ય કર્મચારી સંકલન સમિતિએ કર્મચારી આગેવાનો સામે સરકારે કરેલા પોલીસ કેસો પાછા ખેંચવા તેમજ કિન્નાખોરી રાખીને કેટલાક આગેવાનોની કરાયેલી બદલીઓ રદ કરવાની માંગણી સરકાર ન સ્વીકારે ત્યાં સુધી વાટાઘાટો નહી કરવાનો નિર્ણય લીધો હતો.

આજે રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી મંત્રીઓની પેટા સમિતિની કર્મચારી સંકલન સમિતિના આગેવાનો સાથે બેઠક યોજાઈ હતી. જો કે તેમની મુખ્ય બે માંગણીઓ સરકારે ન સ્વીકારતા સંકલન સમિતિએ વાટાઘાટો નહી કરવાનો નિર્ણય કરતાં મંત્રણા પડી ભાંગી હતી. સંકલન સમિતિએ તેમનો આવતીકાલનો માસ.સી.એલ.નો કાર્યક્રમ યથાવત ચાલુ રાખ્યો છે.

સંકલન સમિતિએ આપેલા માસ સી.એલ.ના કાર્યક્રમમાં રાજ્યભરના તમામ કર્મચારીઓ જોડાનાર હોઈ આવતીકાલે રાજ્યભરની તમામ સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરી ઠપ્પ થઈ જશે. રાજ્ય સરકારના કોઈ પણ દબાણને વશ થયા વગર સંકલન સમિતિએ તેમનો આવતીકાલનો માસ.સી.એલ.નો કાર્યક્રમ યથાવત રાખ્યો છે તેમજ તેમના આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કર્મચારીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

### માસ સી.એલ.ના કાર્યક્રમમાં જોડાનાર કર્મચારીની બ્રેક સર્વીસ ગણાશે

ગાંધીનગર, તા. ૨૬

સંકલન સમિતિએ આપેલા માસ.સી.એલ.ના કાર્યક્રમમાં ન જોડાવા અને જોડાશે તો તેવા કર્મચારી સામે પગાર અને ભથ્થા તે દિવસના નહી ચૂકવવા તેમજ બ્રેક સર્વિસ ગણવા સહિતના શિસ્ત વિષયક પગલા ભરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

સામાન્ય વહિવટ વિભાગે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સંકલન સમિતિ અને તેને સંલગ્ન એસોસીએશનના હોદ્દેદારોને મંત્રણા માટે બોલાવવામાં આવ્યા હતા પરંતુ સદરહુ સમિતિના હોદ્દેદારો વ્યક્તિગત પ્રશ્નોનું નિરાકરણ ન થાય ત્યાં સુધી આ સંકલન સમિતિના હોદ્દેદારો દ્વારા કોઈ ચર્ચા કરવા તૈયાર નથી. તેમ જણાવવામાં આવ્યું હતું. આમ સંકલન સમિતિ દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણને મહત્વ આપવાના સ્થાને સંકલન સમિતિ તેમજ સલગ્ન એશોના હોદ્દેદારોના વ્યક્તિગત પ્રશ્નોના નિરાકરમને અગ્રતા તેમજ મહત્વ આપવામાં આવેલું છે તે યોગ્ય નથી.

રાજ્ય સરકારે કર્મચારીઓને માસ.સી.એલ.ના કાર્યક્રમમાં ન જોડાવા આદેશ કર્યો છે. અને આમ છતાં આ આદેશ અવગણીને માસ.સી.એલ.ના કાર્યક્રમમાં કર્મચારી જોડાશે તો જે કર્મચારી ૨૭-૯-૨૦૧૨ના રોજ પૂર્વ મંજુરી સિવાય બિનઅધિકૃત રીતે ગેરહાજર રહે અને સામુહિક પરચૂરણ રજા પર ગયા હોય તેવા કર્મચારીની તે દિવસની ગેરહાજરીને બિનઅધિકૃત ગણી તે દિવસના પગાર અને ભથ્થા ચૂકવવામાં આવશે નહી તેમજ ઉક્ત ગેરહાજરીને નોકરીમાં તૂટ (બ્રેક ઈન સર્વિસ) ગણાશે તેમ જણાવ્યું છે.

### સચિવાલય ફેડરેશને માસ સી.એલ.નો કાર્યક્રમ પાછો ખેંચ્યો

ગાંધીનગર, તા. ૨૬

સચિવાલય ફેડરેશનને રાજ્ય સરકારે તેમના પડતર પ્રશ્નો ઉકેલવા માટેની ખાત્રી આપતાં ફેડરેશને આવતીકાલના માસ.સી.એલ.ના કાર્યક્રમને પાછો ખેંચીને તેમાં નહી જોડાવવાનો નિર્ણય કર્યો છે.

આજે રાજ્ય સરકાર અને સચિવાલય ફેડરેશનના આગેવાનો વચ્ચે એક મંત્રણા બેઠક યોજાઈ હતી. જેમાં ફેડરેશને તેમના પડતર પ્રશ્નો રજુ કર્યા હતા. આ પ્રશ્નોને ઉકેલવા માટે રાજ્ય સરકારે ખાત્રી આપતાં સચિવાલય ફેડરેશને આવતીકાલે માસ.સી.એલ.ના કાર્યક્રમમાં નહી જોડાવવાનો નિર્ણય કર્યો છે. ફેડરેશને માસ.સી.એલ.ને આપેલો ટેકો પાછો ખેંચ્યો છે.



ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ - શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં લાખો ભાવિકો ઉમટે છે. તમામ ભાવિકોને દર્શનમાં અગવડ ન પડે તે માટે અંબાજી મંદિરના વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. ઓછા સમયમાં વધારે ભાવિકો સરળતાથી દર્શન કરી શકે તે માટે મંદિરના પરિસરમાં લાલજાજમ, એરકુલર, એરકંડીશનર લગાવવામાં આવ્યા છે. કતારબંધ ભાવિકો ઉભા રહીને ૨૪ કલાકમાં છ લાખથી વધારે દર્શનાર્થીઓ દર્શન કરી શકે એવું આયોજન વહીવટી તંત્ર દ્વારા કરાઈ રહ્યું છે. આસપાસના ચાર જિલ્લાના પોલીસ અધિકારીઓ તથા મહેસુલી તંત્રના અધિકારીઓને અંબાજીમાં તહેનાત કરાયા છે.

# ગાંધીનગરમાં ૩૦મીએ તલાટી મહાઅધિવેશન

## રાજ્યભરમાંથી દસ હજારથી વધુ તલાટીઓના મહાઅધિવેશનને મુખ્યમંત્રી સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૨૬

આગામી ૩૦મી સપ્ટેમ્બરના રોજ પંચાયતના તલાટીઓનું એક મહાઅધિવેશન ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાશે. આ મહાઅધિવેશનને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ઉપરાંત મંત્રી મંડળના સભ્યો અને ઉચ્ચ અધિકારીઓ સંબોધશે.

પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિ વર્ષની ઉજવણીને ધ્યાને રાખી સરપંચોના સંમેલન બાદ હવે પંચાયતના તલાટીઓનું મહાઅધિવેશન યોજવામાં આવી રહ્યું છે. રાજયભરમાંથી ૧૦ હજાર જેટલા તલાટીઓ આ અધિવેશનમાં હાજરી આપનાર છે.

આ મહાઅધિવેશન માટે ખાસ બસ વ્યવસ્થા તેમજ ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. આ મહાઅધિવેશનમાં રાજયના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓને પણ હાજર રહેવા માટેના જરુરી આદેશો તંત્ર દ્વારા કરી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મહાઅધિવેશનમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની યોજનાઓ, ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓના અમલીકરણ, પંચાયતી રાજમાં તલાટીઓની ભૂમિકા, એ.ટી.વી.ટી. યોજના સહિતની બાબતોના દશ્ય-શ્રાવ્યો ઉપરાંત રાજયના મહેસુલ મંત્રી, આરોગ્ય મંત્રી, પંચાયત મંત્રીના પ્રવચનો પણ રાખવામાં આવ્યા છે.

આ મહાઅધિવેશનની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. મહાત્મા મંદિર ખાતે પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિની ઉજવણીનો આ બીજો મહત્વનો કાર્યક્રમ રાજયકક્ષાનો યોજાઈ રહ્યો છે. આ મહાઅધિવેશનમાં ગ્રામ વિકાસના અનુભવો પર પંચાયત મંત્રીઓના ઉદબોધનો પણ સમાવવામાં આવ્યા છે.



ડીવાયએસપી તરૂણ બારોટની ધરપકડ બાદ આજે કોર્ટમાં રજુ કરાયા હતાં.

# દહેગામ તાલુકા પંચાયતમાં ખોટુ પગારબિલ બનાવી ૫૧ હજારની ઉચાપત

## જુનિયર એકાઉન્ટ ક્લાર્કને ફરજ મોકુફીનો તંત્રનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૬

દહેગામ તાલુકા પંચાયતમાં ખોટુ પગાર બિલ બનાવી રૂ. ૫૧ હજારની ઉચાપત કરવા બદલ તત્કાલીન જુનિ. એકાઉન્ટ ક્લાર્ક તેજસ ત્રિવેદીને ફરજ મોકુફી પર ઉતારી દેવામાં આવેલ છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ આખીય ઉચાપતનું પ્રકરણ બેંકના રિકન્સીસેશન દરમ્યાન તંત્રના ધ્યાને આવતાં તંત્ર દ્વારા આ પગલાં લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ ક્લાર્ક દ્વારા દહેગામ તાલુકાના તલાટીઓના પગારમાંથી પણ આડેધડ કપાત કરી નાણાંકીય કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની હકીકતો બહાર આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી. જે. ભટ્ટે આ સમગ્ર પ્રકરણમાં પ્રાથમિક તપાસના આદેશો જારી કરી દીધા છે અને બે માસમાં તપાસનો રિપોર્ટ આવી ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ખોટુ પગાર બિલ બનાવ્યા બાદ આ રકમ શ્રી ત્રિવેદીએ તેના બેંક એકાઉન્ટમાં જમા કરાવી હતી. શ્રી ત્રિવેદી સામે ફરજ મોકુફીના આકરા પગલાં લેવામાં આવતાં પંચાયતના કર્મચારીઓમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આ પ્રકરણમાં શ્રી ત્રિવેદી ઉપરાંત અન્ય કોઈ સંડોવાયું છે કે કેમ તેની તપાસ પણ કરવામાં આવી રહી છે. આ ઉચાપતમાં અર્ધા લાખ રૂ. થી પણ વધુ રકમ હોવાથી તપાસ અત્યંત ઝીણવટભરી કરવામાં આવશે.

# ઉપેરા ગામમાં માટી ઘસી પડતાં પાંચ મજૂરોના મોત : ૩નો બચાવ

ઊંઝા, તા. ૨૬

આજે સાંજે ઊંઝા તાલુકાના ઉપેરા ગામની સીમમાં ખેતરમાં આવેલ જૂના કૂવામાંથી માટી કાઢવાનું કામ કરી રહેલા એક કુટુંબના આઠ માણસો (મજૂરો) પર કૂવાની માટીની ભેખડ ઘસી પડતાં ત્રણ મજૂરો સલામત બહાર નીકળી ગયા હતા જ્યારે પાંચ મજૂરોના દબાઈ જવાથી કરૂણ મોત નિપજતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી પ્રસરી ગઈ હતી. આ ઘટનાને પગલે તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના ઉપેરા ગામની સીમમાં રબારી ગાંડાભાઈ મયજીભાઈના ખેતરમાં જૂનો કૂવો આવેલ છે. આ જૂના કૂવામાંથી માટી કાઢવા માટે ખેરાલુ તાલુકાના ગામના ઠાકોર જ્ઞાતિનાએકજ કુટુંબના આઠ માણસોએ મજૂરી કામ રાખ્યું હતું. દરમિયાન આજે આ આઠ મજૂરો જૂના કૂવામાંથી માટી બહાર કાઢવાનું કામ કરી રહ્યા હતા ત્યારે સાંજના પાંચેક વાગ્યાના સુમારે અચાનક મજૂરો પર કૂવાની માટીની ભેખડ ઘસી પડી હતી. આ સમયે બહારની તરફ કામ કરતા ત્રણ મજૂરો બહાર નીકળી જતાં બચી ગયા હતા. પરંતુ પાંચ મજૂરો માટીની અંદર દટાઈ ગયા હતા. આ દુર્ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં આસપાસમાંથી તેમજ ઉપેરાના તલાટી સહિત ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને નજીકમાં કામ કરતા જે.સી.બી. મશીન તથા ટ્રેક્ટરોને માટી બહાર કાઢવાના કામે લગાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત પોલીસ સહિત તાલુકા વહિવટીતંત્રના અધિકારીઓ, સ્થાનિક તબીબી અધિકારી અને ધારાસભ્ય નારાયણભાઈ પટેલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

મળતી વિગતો મુજબ આ મૃતક મજૂરો ખેરાલુ તાલુકાના જાસકા ગામના એક જ કુટુંબના હોવાનું જાણવા મળ્યું છે.

સ્વતંત્ર બંગલો ભાડે આપવાનો છે
કંપની / બેંક અધિકારીને લાયક, 4BHK GSPC ગેસ કનેક્શન, ૨૪ કલાક પાણી, રાયસણ પેટ્રોલ પંપની પાછળ, BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર સામે, કોબા-ગાંધીનગર હાઈવે
સંપર્ક : ૯૫૭૪૩ ૨૬૯૨૬ ૯૪૨૬૩ ૨૬૮૧૮

સ્પીપામાં સેવા બજાવી ચુકેલ તથા અનેક ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં સફળતા અપાવી ચુકેલ તજજ્ઞ પાસેથી તાલીમ મેળવી
P.S.I. ના ઈન્ટરવ્યુમાં જરૂરથી સફળ બનો
: સંપર્ક :
વિવેકાનંદ એકેડમી
99256 98721
મળવાનો તથા ફોન કરવાનો સમય : 3.00 થી 5.00
GPSC., સબ રજીસ્ટ્રાર, પોસ્ટ, વન વિભાગ, હેડ ક્લાર્ક તથા અન્ય સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરવા.
ગણિત - અંગ્રેજી
આવડવાની 100 % ગેરંટી સાથે શીખો

ગાંધીનગર શાખામાં પ્રવેશ માટે માત્ર 7 દિવસ જ...
100% ગેરંટીથી વર્ગ-1 (Dy.SP/DC) માં નોકરી મેળવો
GPSC વર્ગ 1/2
1350* સંભવિત જગ્યાઓ!
સુપર બ્રિલિયન્ટ બેચ-2012
પ્રવેશ માત્ર રૂબરૂ 29-9-2012 થી 05-10-2012 સુધી જ ચાલુ રહેશે
માત્ર 28 વિદ્યાર્થીઓ માટે જ
બેચનો સમય : સાંજના 6 થી 9 મંગળ થી રવિ
પ્રિલિમ / મુખ્ય પરીક્ષા કે ઈન્ટરવ્યુંમાં નાપાસ થવાથી ફી 100% પરત ની લેખિત ખાતરી સાથે... !
વર્ગ શરૂ થવાની તા. 10-10-2012
ફક્ત ગાંધીનગર શાખામાં જ કોર્ષ ઉપલબ્ધ
પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક ગાંધીનગર શાખામાં જ કરવો
રહેવા જમવા સાથે હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
ગાંધીનગર પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક સોમ થી શુક્ર (બપોરના 3 થી 4 સુધી)
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર
મહેસાણા
PATAN 95740 04323 | VISNAGAR 95740 04325 | HIMATNAGAR 95740 04326
HELPLINE NO : 95740 04328, 9574004327
સબ રજીસ્ટાર GPSC
4 માસનો પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ
ફોર્મ ભરવાની છેલ્લી તા. 24-9-12
ફી ₹ 14,000/- | પરીક્ષા સંભવિત ડિસેમ્બર 2012
PSI ઈન્ટરવ્યુ માટે (ગાંધીનગર ખાતે) ઉપરોક્ત સમયે સંપર્ક કરો...